દિલથી લખું છું એટલે ઓછું વિચારું છું

# નાનકડા શહેરના નાનકડા અખબાર જેવો છું

## ગાંધીનગર સમાચારના કટાર લેખક સંજય થોરાતના પ્રથમ પુસ્તક 'હૅલ્લો ફ્રેન્ડ્સ'નું વિમોચન કરાયું : ભાવકોએ માણી એક સુંદર સવાર



(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૧૬

'ગાંધીનગર સમાચાર'ના કટાર લેખક સંજય થોરાતના પ્રથમ પુસ્તક 'હૅલ્લો ફ્રેન્ડ્સ'નું વિમોચન રવિવારે સવારે ગાંધીનગર શહેરમાં યોજાયું હતું, જે પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં અનેક નવિનતાઓ જોવા મળી હતી, જે કારણે આ કાર્યક્રમ એ પુસ્તક વિમોચન કાર્યક્રમમાં એક નવો જ ચીલો ચાતરનાર કાર્યક્રમ સાબિત થયો હતો. 'ગાંધીનગર સમાચાર'માં દર બુધવારે પ્રકાશિત થતી કૉલમ 'હૅલ્લો ફ્રેન્ડ્સ'માં આવતાં લખાણોનો સંગ્રહ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે. પુસ્તક ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી પ્રકાશિત કરવામાં આવ્યું છે. ઈજનેરી સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ, સૅક્ટર-૧૭ ખાતે આયોજિત આ પુસ્તકના વિમોચન સમારોહના અધ્યક્ષ તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જ્હા, વિમોચનકાર તરીકે ખ્યાત કૉલમિસ્ટ ભવેન કચ્છી, મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને મુખ્યમંત્રી કાર્યાલયના ઓઍસડી, કવિ ભાગ્યેશ જ્હા, અતિથિ વિશેષ પદે ગાંધીનગર શહેરના સાહિત્યકાર ડૉ. કનૈયાલાલ ભટ્ટ અને જાણીતાં આરજે મેઘા ઉપસ્થિત રહ્યાં હતાં.

સાવ સાહજિકપણે બોલતા વક્તાઓને કારણે આ કાર્યક્રમ માણવાલાયક, સાંભળવાલાયક બન્યો હતો તો અનેક નવિનતાઓને કારણે અનોખો પણ બન્યો હતો.

માઈક્રોફોનની ગડબડ અને સ્ટેજ મેનેજમેન્ટની નહિવત્ ઢીલાશ છતાં ગાંધીનગરના ઈતિહાસમાં અનોખો ગણી શકાય એવો પુસ્તક વિમોચનનો આ કાર્યક્રમ રહ્યો હતો.

આ કાર્યક્રમમાં સાહિત્યકાર દોલત ભટ્ટ, સુરેશ ભટ્ટ, ભરત કવિ, પ્રકાશ લાલા, રાઘવજી માધડ, નટવર હેડાઉ, કિશોર જીકાદરા, નિપુણ ચોક્સી, શિવશંકર દવે ઉપરાંત કમલકિશોર જૈન, એન પી પટેલ, જગત કારાણી, મહેન્દ્રસિંહ રાણા, નિમેષ રાવલ, હિરેન ભટ્ટ, નિશિત વ્યાસ, ભાવેશ એરડા, મનોજ શુક્લ, અશ્વિન ત્રિવેદી, વર્ષાબેન પારેખ, મીરાબેન બુટાણી ઉપસ્થિત રહ્યાં હતાં. આભાર દર્શન ડૉ. જયેશ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

### હેલ્લો ફ્રેન્ડ્સ પુસ્તક વિમોચન કાર્યક્રમની વિશેષતાઓ

- કલ્પતરુ પાવર ટ્રાન્સમિશન લિમિટેડમાં ઈજનેર તરીકે ફરજ બજાવતા સંજય થોરાતના પુસ્તકનું વિમોચન ઈજનેરી સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ ખાતે જ યોજાયું હતું !
- કૉર્પોરેટ ઈવેન્ટની માફક હૉલની બહારથી માંડીને અંદર સુધી પુસ્તક, કાર્યક્રમ, લેખક વિશેનાં હૉર્ડિંગ્સ લગાવવામાં આવ્યાં હતાં, સ્ટેજની પૃષ્ઠભૂમિ પણ એ જ રીતે સજાવવામાં આવી હતી.
- હૉલની બહાર અતિથિઓનું સ્વાગત કુંવારિકા દ્વારા કુમકુમ તિલકથી કરવામાં આવતું હતું અને સાકરથી મોં મીઠું કરાવવવામાં આવતું હતું.
- ઑડિટોરિયમના પ્રવેશદ્વાર પાસે લેખકના ફોટોગ્રાફ સહિત ઈવેન્ટની વિગતો દર્શાવતું હૉર્ડિંગ્સ લગાવવામાં આવ્યું હતું, જેના પર કંઈક લખવાનો સ્નેહાગ્રહ અતિથિઓને કરાયો હતો, મોટાભાગના અતિથિઓએ શુભકામનાઓ લખી પણ હતી.
- કાર્યક્રમના પ્રારંભે ગણેશ વંદના હનીફભાઈ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી અને એ પણ ત્રણ અલગ અંદાજમાં.
- અતિથિઓ પહેલાં લેખકની મોટી દીકરી રિદ્ધિએ પોતાના પિતા સાથેના અનુભવોનું ભાવવાહી વર્ણન કર્યું હતું, જે સાંભળીને ખુદ લેખક તથા એમનાં પત્ની ગાયત્રીબેનની આંખો ભરાઈ આવી હતી.
- દીપ પ્રાગટ્ય બાદ પહેલી વિધિ લેખકે પોતાનાં માતુશ્રી સુશીલાબેન હેમચંદ્ર થોરાતનું સન્માન કરવાની કરી હતી, એ પછી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો.
- લેખકના વયોવૃદ્ધ શિક્ષક મંગળદાસ પારેખ દ્વારા લેખકનું સન્માન કરવામાં આવ્યું હતું.
- માત્ર ઑન ડાયસ જ નહીં, ઑફ ડાયસ અતિથિઓનું સ્વાગત પણ ગુલાબના ફૂલથી કરાયું હતું.
- પુસ્તકનું વિમોચન થયું કે તરત સ્ટેજના અગ્ર ભાગમાં ક્રૅકર ટાઈપ કેન્ડલ પ્રગટાવવામાં આવી હતી, ઑડિટોરિયમમાં સૌને મીઠાઈ વહેંચવામાં આવી હતી, લેખકનો પુલક ત્રિવેદીએ લખેલો પરિચય આપવામાં આવ્યો હતો અને અતિથિઓને અત્તર લગાવવાની વિધિ પણ અનુસરવામાં આવી હતી. આ બધાં જ કામ શાંતિપૂર્વક લેખકના પરિવારજનોએ પાર પાડી દીધાં હતાં અને એ દરમ્યાન કાર્યક્રમ ચાલુ જ રહ્યો હતો.
- એકસાથે બે આરજે (રેડિયો જૉકી) કાર્યક્રમમાં ઉપસ્થિત હતાં : વિવિધ ભારતીનાં નેહલ અને રેડિયો મિર્ચીનાં મેઘા, જે પૈકી નેહલે ઉદ્ઘોષકની ભૂમિકા અદા કરી હતી.
- બંને આરજેના હસ્તે લેખકના બ્લૉગનું ઉદ્ઘાટન પણ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવ્યું હતું.
- સામાન્ય રીતે અતિથિ-વક્તાઓની હરોળમાં જોવા મળતા ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ અને 'ગાંધીનગર સમાચાર'ના કૉલમિસ્ટ પુલક ત્રિવેદી ઉદ્ઘોષકની ભૂમિકામાં જોવા મળ્યા હતા. એમણે આ ભૂમિકા બખૂબી નિભાવી હતી અને પોતાના બહોળા વાચનનો લાભ શ્રોતાઓને આપતાં અનેક લેખકોની અનોખી પંક્તિઓ પીરસીને ભરપૂર દાદ મેળવી હતી. કાર્યક્રમમાં રસપ્રવાહને જાળવી રાખવામાં તેઓ સફળ સાબિત થયા હતા.
- સાહિત્યકારો ઉપરાંત અખબારના કૉલમિસ્ટ્સ અને ઉદ્યોગજગતના મહારથીઓ પણ કાર્યક્રમમાં જોવા મળ્યા હતા.

### અતિથિઓનાં અવતરણ

**કનૈયાલાલ ભટ્ટ**

- અઘરી ભાષાનાં આજના સાહિત્યના યુગમાં સંજય થોરાત દ્વારા સરળ ભાષામાં - ગાંધીજીના શબ્દોમાં કહીએ તો કોશિયો પણ સમજી શકે તેવી ભાષામાં - આ પુસ્તકનું સર્જન થયું છે.
- પુસ્તકમાં આપણી સંવેદના ઝીલાઈ છે, પ્રગટ થઈ છે અને તેના દ્વારા આપણી વાત પ્રકાશિત કરવામાં આવી છે.

**આરજે મેઘા**

- શબ્દ ટંકારવ કરું છું, સત્યનું આરાધન કરું છું.
- કોઈ વ્યક્તિ લખવાથી શું મેળવે છે ? એવો સવાલ કોઈને થાય તો મારો જવાબ છે કે લખીને તમે સ્વતંત્રતા જીતો છો.
- પુસ્તકમાં વિષયોનું વૈવિધ્ય સરાહનીય છે.
- આજે લગભગ દરેક માબાપ એવી ફરિયાદ કરે છે કે એમનાં બાળકો સતત વિડીયો ગેમની સામે બેસી રહે છે. પરંતુ, એવું એટલા માટે થાય છે કે માબાપ પોતે પણ ટીવી કે મોબાઈલમાં વ્યસ્ત હોય છે. જ્યારે માબાપ પોતે ટીવી-મોબાઈલ બંધ કરીને બાળકોને એક પુસ્તક વાંચી સંભળાવશે ત્યારે બાળકોની ગેમ આપોઆપ બંધ થઈ જશે.

**ભવેન કચ્છી**

- મિત્રતા તો છે, પરંતુ આજના જમાનામાં લાગણીઓની કટોકટી જોવા મળી રહી છે.
- આપણે સ્માર્ટ ફોનના સ્ક્રિનને જેટલો ટચ કરીએ છીએ એટલું કોઈના હૃદયને ટચ કરતાં નથી.
- મિત્રતાનું સંવર્ધન કરવું પડે છે પણ આજના જમાનામાં એવા સમય કે વૃત્તિનો પણ અભાવ જોવા મળે છે.
- આજે જરૂર છે સંવેદનાની, લાગણીની, લોકો સાથે જીવંત સંપર્કની... આ બધી જ વાતો આ પુસ્તકમાં સમાવવામાં આવી છે.

**ભાગ્યેશ જ્હા**

- હું ગુજરાતી ભાષાનો લડવૈયો છું.
- ગીતા ઈઝ નોટ એ વૉર બૂક, ગીતા ઈઝ એ હૅન્ડબૂક ઑફ એ મેનેજર.
- પુસ્તકમાં ત્રણ બાબતોએ મારું ધ્યાન ખેંચ્યું છે : શિર્ષકનું શિલ્પ, શૈલીની સરળતા અને આધુનિકતાની ઓળખ.
- સોશિયલ મીડિયાને કારણે માણસ વ્યક્તિ હતો, અભિવ્યક્તિ થઈ ગયો છે.
- આરાધના કરો, શબ્દ આપોઆપ ફૂટશે.
- સદીઓથી કહેવાતી વાર્તા ફરીથી કહેવાની, બકા ! તકલીફ તો રહેવાની.

**કૃષ્ણકાન્ત જ્હા**

- 'ગાંધીનગર સમાચાર'ના વધુ એક કટાર લેખક આજે પુસ્તકનું પ્રકાશન કરી રહ્યા છે એ અમારા માટે ગૌરવની ઘટના છે.
- ગાંધીનગર એવું સમૃદ્ધ નગર છે જ્યાંથી સરેરાશ એક અઠવાડિયે એક પુસ્તક પ્રગટ થાય છે ને વર્ષે ૫૫ પુસ્તકો.
- અમે સંવેદનશીલ સમાજરચના માટે પ્રયાસરત છીએ.
- હું મિત્રોના સહારે જીવ્યો છું, હું મિત્રોના સહારે જીત્યો છું.
- એકઠા થવું સહેલું છે, એક થવું અઘરું છે.
- પરિસ્થિતિને દાસ બનાવો, પડકારોને પોંખો.
- સંજય થોરાત સવાયા ગુજરાતી છે કારણ કે મૂળ મહારાષ્ટ્રીયન હોવા છતાં એમણે ગુજરાતી સાહિત્યને ઉજળું કર્યું છે.



શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, ભાટ કૅમ્પસ ખાતે શનિવારે રાત્રે શરદ પૂનમના ગરબા 'રમઝટ-૨૦૧૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. દાંડિયા કિંગ જયકર ભોજકના તાલે ૪૫૦૦થી વધુ ખેલૈયા ગરબા રમ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવીણભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, સંસ્થાના ચેરમેન રામકૃષ્ણ સ્વામી, અક્ષરપ્રકાશ સ્વામી અને ડિરેક્ટર ધર્મેશ વંડરા ઉપસ્થિત રહ્યા હતા. ૩૦૦૦થી વધુ ખેલૈયાઓએ 'સ્વસ્તિક' સ્વરૂપે મહાઆરતી પણ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ જીટીપીઍલ ભક્તિ ચૅનલના માધ્યમથી રાજ્યભરમાં કરવામાં આવ્યું હતું. કોલેજના વિદ્યાર્થીઓ, ગુરુકુળ પરિવાર, જાણીતા બિલ્ડર્સ અને વિવિધ કંપનીઝના અધિકારીઓએ આનંદ-ઉમંગ સાથે આ કાર્યક્રમમાં સામેલ થઈ ગરબે ઘૂમવાનો દિવ્ય આનંદ પ્રાપ્ત કર્યો હતો.

### જન્મદિને વધામણી



વેદાંશી દિલીપ પટેલ
મો. ૯૪૨૬૮ ૦૦૧૧૨૬

### ડાયરેક્ટ ❤ સે

ટોપલીમાં તેજ લઈ નીકળો
પાણીમાંય રસ્તો આપોઆપ
થઈ જશે...

- મનોજ ખંડેરિયા

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
સાત ઉચક્કે
૧૨.૩૦, ૩.૪૫, ૧૦.૦૦
એમ એસ ધોની
૬.૩૦

**સ્ક્રીન-૩**
ઈન્ફર્નો (અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
ઈન્ફર્નો (હિન્દી)
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
મિસ ખિલાડી
સવારે ૧૦.૦૦
એમ એસ ધોની
૧૨.૪૫
મોટુ પાટલુ
૪.૧૫, ૯.૩૦
અન્ના
૬.૩૦

**સ્ક્રીન-૫**
અન્ના
૧૨.૩૦
સાથ ઉચક્કે
૬.૪૫
એમ એસ ધોની
૩.૧૫, ૯.૩૦

# મારું વતન એટલે હૂંફની અવિરત વહેતી સરિતા

**સંવેદના**
**મારું વતન - વહાલું વતન**

મારું વતન વીરમગામ, ગુજરાત-સૌરાષ્ટ્રનું નાકું. સોલંકી યુગનું એક મહત્ત્વનું નગર. જોકે અત્યારે વીરમગાનું નામ સાંભળતાં નાકનું ટેરવું ચડી જાય, કારણ કે બેસ્વાદ પાણી, બિનફળદ્રુપ જમીન, ખરાબ રસ્તા, ગંદકી, સંકુચિત-તકરારી માનસિકતા ધરાવનારા આર્થિક ખેંચ ધરાવનારા લોકોનું ગામ એવી છાપ છે. પણ મારે મન તો વીરમગામ એ જ સ્વર્ગ. ત્યાં જન્મીને હું મોટો થયો. બાળપણના મિત્રો, એમ જે હાઈસ્કૂલ અને ડીસીએમ કોલેજના સાહેબો, મુનસર-ગંગાસર તળાવ, ગામની વચ્ચે કચેરી, બોરિંગ અને ટાવરની લાયબ્રેરી,સાતમ-આઠમના મેળા, નવરાત્રિની ગરબીઓ, વાડીઓમાં થતા જમણવાર, ઉત્તરાયણના પતંગો, સિદ્ધનાથ અને સેરિયા મહાદેવ, દિવાળીના ફટાકડા, સગાવહાલાં અને પાડોશીઓની માયા, વીરમગામના શેરી, મહોલ્લાઓ, રેલવે સ્ટેશન, બેન્કો, દવાખાનાં, સિનેમાઘરો અને બગીચાઓ યાદ કરું છું ત્યારે લાગે છે કે હવે ક્યારેય એ સમય પાછો મળશે ? ઘેર જવાનું થાય અને બસમાંથી ઉતરું ત્યારે ધરતીની ધૂળ માથે ચડાવવાનું મન થાય !

**- કમલનયન ચંદ્રકાન્ત શુક્લ**

મારું વતન એટલે પ્રકૃતિએ આપેલો નિર્દોષ પ્રેમ,

મારું વતન એટલે હૂંફની અવિરત વહેતી સરિતા

ને મારું વતન એટલે ઘરડાં ગાડાં વાળે એ...

હા, મારું વતન છે બનાસની ધરતી પર રહેતા મા અંબાના ચરણોમાં હસતું, ખીલતું, નાનકડું, કુમકુમની કંકાવટી જેવું ને જેનાં ખળખળ કરતાં નીર મા ગંગાની જેમ પૂર્વથી પશ્ચિમ વહી રહ્યાં છે એવી કીડી-મંકોડી સરિતાના સાંનિધ્યમાં ખીલતું રહ્યું છે તે મંડાલી ગામ.

હજારો વર્ષોથી કોઈ જટાળા જોગીની જેમ બેઠેલા અરવલ્લીના ને આરાસુરના ડુંગરોમાં આવેલું છે મારું વતન. બાલ્યકાળે અહીં અમે અમારાં પગલાંને રખડીને પાવન કર્યાં છે ને કીડી મંકોડીનાં અમૃત જેવાં પાણીમાં અમે બાળપણમાં જે છબછબિયાં કર્યાં છે તે મારી નસોમાં આજેય વહે છે. શિયાળો હોય કે ઉનાળો હોય, એ ખળખળ કરતાં પાણીમાં અમે હંમેશા રમ્યા છીએ. મારા વતનની એકેએક ક્ષણનો હું ઋણી છું. એ ડુંગરોના ખટમીઠાં બોર, ખેતરમાંથી ચોરેલી આંબલી ને ખજૂર, મારી જીભ આજેય એ તલસે છે. ને વર્ષાઋતુની તો વાત જ શું કરું ? રાત્રે ઉપરવાસમાં વરસાદ હોય તો ગામની નદી બે કાંઠે કોઈ વસૂકી ગયેલા માતેલા આખલાની જેમ ગાંડીતૂર થઈ વહે. મેં મારા પિતાજીના ખભે બેસી કેટલીયવાર આ નદી માણી છે. કોઈ ડેમ કે દરિયો પણ આજે એટલો આનંદ નથી આપતો જેટલો આનંદ એ નદીએ આપ્યો છે. અમારી નિશાળ નદીની બિલકુલ સામે. નાના હતા તે દિ કંઈ આ નદીની રેતમાં ઘર-ઘરને સાતોડિયાંની રતમ રમ્યાં છીએ ! તો વળી શાળા ભલે બીજું ઘર કહેવાય પણ અમારે મન તો વતનનો વડલો જ અમારું ઘર હતું, કહો કે ઍરકન્ડીશન્ડ ઑફિસ હતી. તેની નીચે બેસીને બધા મિત્રો આંબલી, કેરી, બોરના ભાગ પાડતા ને સૌ મસ્તીથી ખાતા. મારા વતનના એ બધા જ મિત્ર આજે સાચે જ ઍરકન્ડીશન્ડ ઑફિસમાં બેસે છે. બધાને મળું છું પણ પેલા વતનની જે મજા હતી તેવી તો ક્યાંય નથી. ક્યારેક તો વતનનાં મીઠાં સ્વપ્ન આવીને મને જગાડે છે. કાલે સવારે વહેલો ઊઠ્યો ત્યારે મને હૂંફ આપતી પેલી ખેતરના શેરીયાની રેતી મારી આજુબાજુ પથરાયેલી હતી. કોણ જાણે કેમ એક બા અને વતન મને આખીય દુનિયાથી નિરાળાં લાગ્યાં છે. સુઘરી માળો બાંધે એમ વતનને મેં મારા ઘટમાં બાંધી રાખ્યું છે.



**- પરમ પાલનપુરી**

ક્રાંતિકારી સંત તરીકે જાણીતા પૂ. સચ્ચિદાનંદજીનું વતન તે જ મારું ગામ - મુજપુર (હાલ તા. શંખેશ્વર, જિ. પાટણ). રાધનપુર સ્ટેટના નવાબનો તે એક મહાલ (તાલુકો) એટલે ગામમાં પોસ્ટ ઓફિસ, પોલીસ થાણું, શાળા, દવાખાનું, કોર્ટ કચેરી અને વાહનવ્યવહાર જેવી બધી જ સગવડો. આજુબાજુનાં ગામોમાંથી હટાણું કરવા લોકો આવે કારણ અહીં મોટું બજાર.

ગામની ચારે બાજુ ત્રણ-ચાર મોટાં તળાવ જેમાં ન્હાવાની મજા આવે. વોરાજીના બોરીંગનું પાણી ગરમ. તળાવમાં પડતું હોય ત્યાં ન્હાવાથી તો થાક પણ ઊતરી જાય.

રોજેરોજ દર્શન કરવા જનારા કે નમાઝ પઢનારાની સંખ્યા મોટી તેથી ઠેર-ઠેર મંદિરો-મસ્જિદો. માતાજીના ચોકમાં તો દર વર્ષે ભવાઈ થાય જ. તે માટે બહારગામથી નાટક મંડળી પણ આવે.

ગામ ટેકરા પર વસેલું છે, તેથી ભારે ચોમાસાનું પાણી પણ ઘરમાં ન ઘૂસી શકે. ટૂંકમાં, કોઈ જ તકલીફ નહીં. હા, ક્યારેક કાંઈક છમકલું થાય પણ વડીલોના માર્ગદર્શનથી વળી પાછી શાંતિ સ્થપાઈ જાય.

મારા કાકા સ્વ. ચંદ્રકાન્તભાઈ આયુર્વેદ ડૉક્ટરની સરકારી નોકરી છોડી ગ્રામસેવાનો નિર્ણય કરી વતનમાં રહેવા આવ્યા ત્યારે મારી વતનમાં અવરજવર વધી.

ગામમાંથી ઘણાં કુટુંબો બહાર હતા, તેમના અને ખાસ તો સ્વામીજીના આર્થિક સહયોગથી ગામમાં હાઈસ્કૂલ શરૂ થઈ અને તાજેતરમાં ગ્રામવિકાસનાં કામો માટે મોટો ફાળો થયો તેમાં પણ સ્વામીજીનો મોટો ટેકો મળ્યો. આ કામો થતાં ગામની રોનક વધશે જ.

સ્વામીજીની જેમ એક બીજા વડીલ શિવાનંદજી પણ નજીકના લોહેશ્વર મહાદેવ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે મોટી જવાબદારી નિભાવી રહ્યા છે.

એવા જ બીજા એક સજ્જન સુરેન્દ્રભાઈ શાહ પણ જૈન મંદિર સાથે સંકળાયેલી ગૌશાળા-પાંજરાપોળ સરસ રીતે ચલાવી રહ્યા છે. સ્વ. ઈસ્માઈલભાઈ કે સ્વ. ગુલાબભાઈનાં સેવાકાર્યો પણ યાદ આવે છે.

આવું સરસ, વિકસિત વતન તો કોઈ નસીબદારના જ ભાગ્યમાં હોય. એ ભાગ્ય મને મળ્યું છે. મારા એવા વતનને મારા પ્રણામ.



**- પ્રકાશ કુમુદચંદ્ર ઠાકર, શાલીન-૨, વાવોલ**

કવિ બોટાદકરનું ગામ એ જ મારું વતન. ઝવેરચંદ મેઘાણી પણ બોટાદમાં રહેલા. હાલ બોટાદ જિલ્લો બની ગયું છે. પચાસ-સાઠ વર્ષ પહેલાંનું બોટાદ આજે દૂરબીન લઈને ગોતો તોય મળે તેમ નથી. અમારે અવેડાના ઝાંપે રહેવાનું હતું. વાલા લુહારની ધમણ ચાલતી હોય, શીવુભા દરબારની ચક્કીમાં લોટ દળાતો હોય, સામે વાસણ ઘાટ જ્યાં સ્ત્રીઓ કપડાં ધોતી હોય, સામે ટેકરા ઉપર મઢી અને અવેડાના ઝાંપાનું બસ સ્ટેન્ડ છે ત્યાં મોટો કૂવો હતો. જેમાં યુવાનો કઠેડા ઉપરથી કૂદીને અંતર ન્હાવા પડતા હતા, તેટલું પાણી ઉપર હતું. ગામની વચ્ચે ઉતાવળી નદી જે ચોમાસામાં જ વહે - વધુ વરસાદ હોય ત્યારે. જ્યાં સુધી પાણી ઊતરે નહીં ત્યાં સુધી સામસામી અવરજવર અટકી જતી. નદીનો પટ ચોમાસા સિવાય કોરોકટ રહેતો. સિઝન પ્રમાણે પટમાં વહેલી સવારથી જ કપાસ, મગફળી અને ગોળની ભેલીઓનાં ગાડાં હરાજી માટે ઊભાં રહેતાં. માલ જોઈને હરાજી બોલાતી. 'લીધો અને દીધો'ના અવાજથી વાતાવરણ ગૂંજી ઊઠતું. દરવાજા પાસે ઘીના ઘડા લઈને વેચવા બેઠેલા વેપારીઓ પાસેથી આગંળીને વેઢે ઘીની ખરાઈ કરીને ઘી ખરીદાતું હતું.

નવરાત્રીમાં ગામમાં અને રેલવે સ્ટેશને ભવાઈ વેશ ભજવાતો. લોકો હોંશે હોંશે જોવા જતાં અને કોઈના નામની 'વહાલી'ના ગીત ગાવા માટે બોલી બોલાતી, તેને કાપીને (વધુ પૈસા આપીને) બીજાના નામે ગવડાવવા માટે પડાપડી થતી. રાત્રે અવેડાના ઝાંપાથી નાળા સુધી નાળિયેર ફેંકવાની હરિફાઈ થતી. નવરાત્રીમાં કોડિયામાં દીવો અને માટીનાં ઘોઘા બનાવીને બાળકો ગોઠ લેવા નીકળતાં. એ વખતે મોઈ-ડાંડિયો (ગિલ્લી-દંડો) મુખ્ય રમત હતી, જે આજની રમત ક્રિકેટની જેમ બધે રમાતી હતી.

એ જમાનો ઘોડાગાડીનો હતો, પચાસ-સો જેટલી ઘોડાગાડીઓ હતી. ટાવર ચોક, પરાનો રોડ પહેલાં સાદો, માટીનો હતો. સાંજે બળદગાડા ટાંકાથી પાણીનો છંટકાવ થતો. પછી સિમેન્ટનો રસ્તો બનતાં ઘોડાના ડાબલાનો અવાજ સંભળાતો થયો. લાઈટ માટે સીડી અને કેરોસિનનું ડબલું લઈને કર્મચારી આવતો, તે શેરીના ફાનસમાં કેરોસિન પૂરીને સળગાવતો. નદીના પટની ધારે લુહારની દુકાનો હતી, ત્યાં ગાડાના પૈડાને ફરતી લોખંડની રીંગ ધગધગતી ગરમ કરીને લાકડાના પૈડા ઉપર ચડાવવામાં આવતી તે જોવા રોકાઈ જતા. ક્યાંક ઘોડાને આડો પાડીને પગની ખરીમાં નાળ ખીલા અને હથોડીથી લગાવવામાં આવતી, તે જોઈને દયા આવી જતી.

ઘુસાભાઈની તેલની ઘાણી જોવા રોકાઈ જતા. માથામાં નાખવાના તેલની દુકાનો હતી ત્યાં પાવલી પ્રમાણે તેલ મળતું. નવહથ્થા હનુમાનજીએ કે તળાવે જવું એટલે આજનાં પિકનીક પોઈન્ટ ઉપર ફરવા જવા બરાબર. રેલવે સ્ટેશનથી આવો ત્યારે કોર્ટ સંકુલની સામે સ્કૂલનું સંકુલ આવેલ છે. ત્યાં હું ધોરણ-૮માં મહંમદ માંકડના હાથ નીચે ભણ્યો હતો. આગળ ચાલતાં સરકારી દવાખાનું અને તેની સામે જેરામભાઈની ચેવડાની દુકાનનો દાડમ નાખેલો ચેવડો બહુ વખણાતો.

આજે આ માંયલું કશું જ નથી, માત્ર યાદો જ બાકી રહી છે. પરંતુ, એય વાગોળવાની મજા છે કારણ કે યાદો મારા વહાલા વતનની છે !



**- ભગવાનભાઈ ગોહેલ**